## –: આંક–૧ લગત હુકમ :–

તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે તપાસ પૂર્ણ કરી, અત્રેની અદાલતમાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ અન્વયે રિપોર્ટ રજૂ કરેલ. જેનાં અનુસંધાને આરોપીની ગેરહાજરીનાં કારણે સદર કામ ક્રિમિનલ મેન્યુઅલનાં પેરા–૨૧૧ અન્વયે ડોરમેન્ટ રજિસ્ટરે મૂકવામાં આવેલ

સદર કાર્યવાહીના કારણસર સદર ફોજદારી કેસ પરત ખેંચવા માટે એપીપી શ્રી કે.વી. ઉપાધ્યાયને લીસ્ટ અને કેસો આપવામા આવેલ તે અન્વયે એ.પી.પી.શ્રી ધ્વારા કુલ ૩૧૧ કેસો પરત ખેંચવા માટે અભિપ્રાય આપેલ.

જેમા એ.પી.પી.શ્રી કે.વી.ઉપાધ્યાય ધ્વારા સદર ફોજદારી કેસ, જે ડોરમેન્ટ રજિસ્ટરે મૂકવામાં આવેલ છે, તે પરત ખેંચવા પાત્ર છે, તે મુજબની ભલામણ કરવામાં આવેલ. ત્યાર બાદ મહે. જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદનાઓ ધ્વારા ડીસી/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડૉરમૅન્ટ કેસ પરત/૦૧/૨૦૧૯, તારીખ ૦૭/૦૩/૨૦૧૯ નાં હુકમ અન્વયે પરત ખેંચવા મંજૂરી આપેલ. જે મંજૂરીનાં અનુસંધાને એ.પી.પી.શ્રી ધ્વારા અત્રેની અદાલતમાં અલાયદા પુરસીસથી સદર ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ.

સદર ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ જે અન્વયે એ.પી.પી.શ્રીને ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવેલ, જે પરવાનગી અન્વયે એ.પી.પી.શ્રી ધ્વારા અલગ પુરસીસ રજૂ કરી, સદર કેસ પરત ખેંચવાની જાહેરાત કરવામાં આવેલ. જે અન્વયે આજરોજ લોકઅદાલતમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ :–

(૧) એ.પી.પી.શ્રી ધ્વારા રજૂ કરવામાં આવેલ પુરસીસ અન્વયે સદર ફોજદારી કેસ એ.પી.પી.શ્રી ધ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવામાં આવતો હોઈ, જે અન્વયે સદર ફોજદારી કેસ બંધ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય, તો તે હુકમ કાયમ કરવામાં આવે છે તેમજ તે સિવાયનો નોન–વેલ્યુએબલ મુદ્દામાલ વાહન કે પાસપોર્ટ સિવાય હોય, તો તે યોગ્ય સમય–મર્યાદા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

**તા.૦૯/૦૩/૨૦૧૯.**
**મુ. અમદાવાદ.**

**( અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJO0854.**